સાબરકાંઠા, અરવલ્લીમાં "તાઉ-તે" અસર

વાવાઝોડું, વીજળીના ડરામણા કડાકા સાથે વરસાદ

અડધા ઈંચ સુધી વરસાદ, નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા, રાત્રે અનેક વિસ્તારોમાં વીજળી ડૂલ

વાવાઝોડાને પહોંચી વળવા આગોતરી તૈયારી, આશ્રય સ્થાનો માટે શાળાઓ-કોમ્યુનીટી હોલ ખોલાયા

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તાઉ-તે વાવાઝોડું ત્રાટકે અને ઉભી થનારી પરિસ્થિતિમાં પહોંચી વળવા માટે તંત્રએ તમામ તૈયારીઓ કરી હતી. જેમાં દરેક તાલુકા મથક તેમજ નગરપાલિકા વિસ્તારોમાં શાળાઓ, હાઈસ્કુલો, કોમ્યુનીટી હોલ વગેરે ખોલીને સાફ સફાઈ કરવામાં આવી હતી જેથી સ્થળાંતરીત કરવાના થતા વિસ્તારોના રહીશોને આવા સ્થળોએ આશ્રય આપી શકાય તેમજ તમામ વિસ્તારોમાં કંટ્રોલ રૂમ પણ તાકીદે શરૂ કરી દેવામાં આવ્યા છે.

મોડાસામાં ૨૭૨ લોકોનું સ્થળાંતર

વાવાઝોડાના કારણે સ્થિતિ વણસશે તેવું જણાતાં મોડાસા તાલુકામાં ગત રાત્રે ૨૭૨ લોકોનું તાબડતોબ સ્થળાંતર કરાવી શાળાઓ તેમજ અન્ય સલામત સ્થળે આશરો આપવામાં આવ્યો હતો. જ્યારે અન્ય તાલુકામાં સ્થળાંતરના આંકડા તંત્ર પાસે ન હોવાનું જાણવા મળ્યું છે.

બાયડ તા.૧૮ ગુજરાતમાં તાઉ-તે વાવાઝોડું ત્રાટક્યા પછી તેની અસર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જોવા મળી. ગત રાત્રે વાવાઝોડું, મેઘગર્જના, વીજળીના ડરામણા કડાકા સાથે અનેક વિસ્તારોમાં અડધો ઈંચ સુધી વરસાદ વરસતાં નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. અનેક હોડિંગ્સ અને છાપરાં હવામાં ઉડ્યાં હતાં. વાવાઝોડાના કારણે અનેક વિસ્તારોમાં વીજળી ડૂલ થતાં પ્રજા પરેશાનીમાં મૂકાઈ હતી. રાત્રે ૧૧-૦૦ કલાક પછી વાવાઝોડું શમી જતાં પ્રજા અને વહીવટી તંત્રએ રાહતનો દમ લીધો છે. મંગળવારે સવારે અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં વરસતાં હતાં તેમજ તેજ પવનના કારણે શીત વાયરાથી અત્યાર સુધી ગરમીમાં પીશાતી પ્રજાએ રાહત અનુભવી હતી.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગત રોજ મોંડી રાત્રે દિવના દરિયા કિનારા વિસ્તારમાં ટકરાયા પછી ગુજરાતના અનેક જિલ્લાઓને ઘમરોળી નાખ્યું છે. નુકસાનનો આંકડો અગણિત હોવાનું મનાય છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લીમાં પણ તાઉ તે વાવાઝોડાની અસર છેલ્લા ૨ દિવસથી જોવા મળી રહી છે. જિલ્લાના બાયડ સહિતના વિસ્તારોમાં રાત્રે ૬૦ થી ૭૦ કી.મી.ની ઝડપે પવન ફૂંકાયા પછી અનેક વિસ્તારોમાં સાંબેલાધારે વરસાદ વરસ્યો હતો. વીજળીના ડરામણા કડાકાથી પ્રજા ભયના ઓથાર હેઠળ આવી ગઈ હતી. બાયડ ઉપરાંત ધનસુરા, મોડાસા, ઈડર, હિંમતનગર, પોશીના, ખેડબ્રહ્મા, મેઘરજ સહિતના વિસ્તારોમાં પણ વરસાદ વરસ્યો હતો. ખેડૂતોએ ચોમાસુ ખેતીની તૈયાર કરી ન હતી તે પહેલાં જ વાવાઝોડાના કારણે વરસાદ વરસતાં ખેડૂતોના ખેતરમાં તૈયાર પાક પણ ભીંજાયા છે.

વહીવટી તંત્રની અગમચેતીથી નુકસાન ઘટ્યું, જોખમી હોડિંગ્સ કોનો જીવ લેશે

જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાના કારણે ભારે વાવાઝોડા સાથે વરસાદ ખાબકશે તેવી હવામાન વિભાગની આગાહી પછી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રએ તાબડતોબ ડિઝાસ્ટરની બેઠક બોલાવી હતી જેમાં પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓને ભારે વાવાઝોડાની સ્થિતિમાં મોટી જાનહાની ન થાય તે માટે પૂરતાં અટકાયતી પગલાં ભરવા સૂચના આપી હતી. ખેડૂતોને પણ તૈયાર ખેતીપાક ન ભીંજાય જાય તે માટે તાડપત્રીથી ઢાંકવા જણાવતાં મોટાભાગના ખેડૂતોએ અગમચેતીના ભાગરૂપે તૈયારીઓ પૂરી કરી હતી જેથી રાત્રે ત્રાટકેલા વરસાદમાં ખેડૂતોને અંશતઃ નુકસાન થયું છે તેમ છતાં કેટલાક વિસ્તારોમાં જોખમી હોડિંગ્સ ન હટાવાતાં હવે આવાં જોખમી હોડિંગ્સ કોનો જીવ લેશે તેની ચર્ચા છેડાઈ છે.

તસ્કર રાજ : આગીયોલમાં ૩ મકાનનાં તાળાં તૂટ્યાં, ૭.૮૫ લાખની મત્તા લૂંટાઈ

ગાંભોઇ પોલીસે તસ્કરોને શોધવા ડૉગ સ્કવોર્ડ, એફ.એસ.એલ.ની મદદ લીધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

હિંમતનગર તાલુકાના આગીયોલમાં ત્રાટકેલા તસ્કરોએ એક સાથે ૩ મકાનોને નિશાન બનાવી રૂા.૭,૮૫,૦૦૦ની મત્તા લૂંટી પલાયન થઈ જતાં ગ્રામ્ય વિસ્તારની સૌથી મોટી તસ્કરીથી પોલીસ દોડતી થઈ છે. માલામાલ બનેલા તસ્કરોને શોધવા માટે ગાંભોઈ પી.એસ.આઈ., પી.પી.જાનીએ તાબડતોબ ડૉગ સ્કવોર્ડ, એફ.એસ.એલ.ની મદદ લીધી છે. કોઈ ખ્યાતનામ ગેંગ તસ્કરીમાં સંડોવાયાની આશંકા સેવા છે.

કોરોનાના કપરા કાળથી ગ્રામ્ય પ્રજા પાયમાલ થઈ ગઈ છે અને તેમાં તસ્કરોને દલ્લો લાગે એટલે આવા પરિવારોની હાલત કફોડી થઈ જતી હોય છે. તાલુકાના આગીયોલ ગામના બાબુગીરી રામગીરી ગોસ્વામી, સોમાભાઈ છગનભાઈ અને મુકેશભાઈ નરસિંહભાઈ વણકરના ઘરમાં ત્રાટકેલા તસ્કરોએ એક પછી એક તિજોરી અને સામાન રફેદફે કરી સોના-ચાંદીના ઘરેણા, રોકડ રકમ સહિત અધધ રૂા.૭.૮૫ લાખનો મુદ્દામાલ લઈને નાસી છૂટ્યા હતા. પરોઢે મકાન ખોલતાં ઘરમાંનો સામાન વેરવિખેર થયાનું જણાયું જેથી તસ્કરી થયાનું જણાતાં ગાંભોઈ પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

તાઉ-તે વાવાઝોડું : બાયડમાં ૭૦ લોકોને સલામત સ્થળે ખસેડાયા, સાવધ રહેવા અપીલ કરાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ગુજરાતમાં દરિયા કાંઠે તાઉતે વાવાઝોડું ત્રાટક્યા પછી તેનો અંડર કરંટ અરવલ્લી જિલ્લા સહિત બાયડ તાલુકામાં જોવા મળ્યો છે. ગત રોજ વાવાઝોડા અને વીજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો હતો. બાયડમાં ૭૦ લોકોને તકેદારીના ભાગરૂપે સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. જ્યારે ઝૂંપડપટ્ટી વિસ્તારના લોકોને સાવધ રહેવા અપીલ કરવાની સાથે જરૂર પડે આવા વિસ્તારના લોકોને અન્ય સુરક્ષિત સ્થળે ખસેડવા માટેનું પણ આયોજન કર્યાનું બાયડ પાલિકા ચીફ ઓફીસર સાવિબેન સોનીએ જણાવ્યું છે.

તાઉતેનું સંકટ ધારણા કરતાં હળવું થયું છે છતાં ગત રોજ જિલ્લાના બાયડ, ધનસુરા સહિતના અનેક વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં અતિભારે વરસાદની આગાહીના પગલે પાલિકા અને તાલુકા વહીવટી તંત્રને એલર્ટ મોડ ઉપર રહેવા આદેશ આપવામાં આવ્યા હતા. બાયડ પાલિકા વિસ્તારમાં વાવાઝોડાની સ્થિતિમાં પહોંચી વળવા પૂર્વ તૈયારી કરવા કલેક્ટર દ્વારા બાયડ પાલિકાને તાકીદ કરવામાં આવી હતી જે મુજબ મલાણીયાં, નવીનગરી, લાખેશ્વરી, ભૂખેલ હેર વિસ્તાર અને મણીનગર વિસ્તારના લોકોને ભારે વરસાદ, વાવાઝોડાની સ્થિતિમાં સ્થળાંતરીત કરવા પડે તો તેમને ક્યાં આશ્રય આપવો..?? તેનું આગોતરૂ આયોજન કરવામાં આવ્યું હતું જે માટે બાયડની વલ્લભનગર પ્રા.શાળા, નાનીબા હાઈસ્કુલ, બાયડ હાઈસ્કુલ તેમજ અરજણવાવના કોમ્યુનીટી હોલમાં ગત રાત્રે જ સફાઈ સહિતની તૈયારીઓ પૂર્ણ કરવાની સાથે જે.સી.બી., મીનીફાયર, ટ્રેક્ટર, જેટીંગ સહિતની સામગ્રી તૈનાત કરવામાં આવી હતી. જ્યારે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ન ભરાય તે માટે સફાઈની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિને ધ્યાને રાખી ખાસ કરીને વારેણા રોડ, મણીનગર વિસ્તારના ૭૦ લોકોને સલામત સ્થળે ખસેડવાનો બાયડ પાલિકા દ્વારા નિર્ણય કરાયો છે અને તેમને બાયડ હાઈસ્કુલમાં આશ્રય આપ્યાનું જાણવા મળ્યું છે.

વાવાઝોડાની દરેક પરિસ્થિતિ માટે સજ્જ : પાલિકા તંત્ર

બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ચીફ ઓફીસર સાવિબેન સોનીએ જણાવ્યું કે સમગ્ર ગુજરાત ઉપર તાઉતે વાવાઝોડાનું સંકટ મંડરાયું છે અનેક વિસ્તારોમાં તબાહી મચી છે ત્યારે બાયડ પાલિકા તંત્ર પણ વાવાઝોડાની દરેક પરિસ્થિતિ માટે સજ્જ છે.

ઉત્તર ગુજરાતમાં સરકારી હોસ્પિટલોના ડૉક્ટરોએ પ્રશ્નોનો ઉકેલ ન આવતાં આવેદનપત્ર આપ્યું

અરવલ્લીમાં આવેદનપત્ર આપી ઉગ્ર આંદોલનની ચીમકી

રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં ઈન સર્વિસ ડૉક્ટરોના પ્રશ્નો અને માગણીઓનો ઉકેલ ન આવતાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના ડૉક્ટરો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી પ્રશ્નોના નિરાકરણ માટે રજૂઆત કરી છે અને પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો ઈનસર્વિસ ડૉક્ટરો અચોક્કસ મુદતની હડતાલ ઉપર જશે તેવી ચીમકી આપવામાં આવી છે.

અરવલ્લી જિલ્લાના ડૉક્ટરોએ ગુજરાત ઈન સર્વિસ ડૉક્ટર એસોસીએશનના નેજા હેઠળ વરસતા વરસાદ વચ્ચે અરવલ્લી કલેક્ટરને મંગળવારે આવેદનપત્ર આપ્યું હતું જેમાં તા.૧૮-૫-૨૦૨૦૧ના રોજથી એસોસીએશનના હોદ્દેદારોના પ્રતિનિયુક્તિના આદેશો રદ થાય ત્યાં સુધી ઈન સર્વિસ ડૉક્ટરોની અચોક્કસ મુદતની હડતાલનું રણશિંગુ ફુંકવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર તેઓએ સરકાર ઉપરાંત સાંસદ, ધારાસભ્યો સમક્ષ પણ રજૂઆત કરી છે અને સરકારે યોગ્ય ઉકેલની ખાત્રી આપ્યા પછી પણ ઉકેલ આપ્યો નથી જેથી એસોસીએશનના હોદ્દેદારોના બિનજરૂરી અને કસમયના પ્રતિનિયુક્તિના આદેશો રદ કરી ઈન સર્વિસ ડૉક્ટરોને આઘાત આપ્યો છે. જેથી એસોસીએશનની તાકીદની વર્ચ્યુઅલ બેઠક ૧૭ મે, ૨૧ના રોજ રાત્રે ૧૧ કલાકે યોજાઈ હતી. જેમાં પ્રતિનિયુક્તિના આદેશો અંગે સઘન ચર્ચા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું છે કે ૧૮-૫-૨૧થી એસોસીએશનના હોદ્દેદારોના પ્રતિનિયુક્તિ આદેશો રદ થાય ત્યાં સુધી ઈન સર્વિસ ડૉક્ટરો અચોક્કસ મુદતની હડતાલ પર જશે.

સાબરકાંઠા જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાના સંભવિત ખતરા સામે ફાયર બ્રિગેટ એલર્ટ

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાનો સંભવિત ખતરો મંડરાઈ રહ્યો છે તાઉ-તે વાવાઝોડું ગુજરાતમાંથી પસાર થઈ રાજસ્થાન તરફ ફંટાઈ રહ્યું હોવાથી તારીખ ૧૭ અને ૧૮ સંભવિત ખતરો મંડરાઈ રહ્યો છે ત્યારે જિલ્લા વહિવટી તંત્ર અને ફાયર બ્રિગેડની ટીમ સજાગ બની છે તાઉ-તે વાવાઝોડાના સંભવિત ખતરા વચ્ચે ફાયર બ્રિગેડના જવાનોની રજાઓ કેન્સલ કરીને જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે ફાયર બ્રિગેડની ટીમ દ્વારા ત્રણ ટીમો બનાવી પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

બાયડના ગ્રામ્ય વિસ્તારમાં દારૂડીયાએ મહિલાનો હાથ પકડી આડો સબંધ બાંધવા દબાણ કર્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

બાયડ પોલીસ સ્ટેશન હદના ગ્રામ્ય વિસ્તારમાં દારૂડીયાએ નશામાં ધૂત બની મહિલાનો હાથ પકડી આડો સબંધ બાંધવા દબાણ કરતાં મામલો બાયડ પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો પરંતુ અહીંયાં ફરિયાદનું ફીડલુંવાળી માત્ર બોલાચાલીનો ગુનો નોંધી જામીન લેવાયા છે. બીટ જમાદાર શંકાના ઘેરામાં આવી ગયા છે.

છેલ્લા કેટલાક સમયથી અરવલ્લી જિલ્લાના કેટલાક પોલીસ સ્ટેશનમાં પોલીસની કામગીરી સામે આંગળીઓ ચિંધાવવા લાગી છે. મોટાભાગનો સ્ટાફ પોલીસ મથકમાં જ મોબાઈલમાં મશગુલ હોય છે. તાબાના બીટમાં લાભ હોય તો જ આંટો મારતા હોય છે. પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાના પૂર્વ પટ્ટાના ગ્રામ્ય વિસ્તારના ગામડાની મહિલા ઘાસચારો લેવા માટે ખેતરમાં ગઈ હતી તે સમયે કૌટુંબિક દિયરે મહિલાનો હાથ પકડી આડો સબંધ બાંધવા દબાણ કર્યું હતું અને તે નશામાં ધૂત હોવાનું જણાઈ આવ્યું હતું. દિયરની આવી અશ્લિલ હરકતથી મહિલા હેબતાઈ ગઈ. પતિને વાત કરી છેવટે મામલો બાયડ પોલીસ સ્ટેશને પહોંચ્યો અને પોલીસ પણ શિકાર શોધતી હોય તેમ આ મામલાને ગંભીરતાપૂર્વક લઈ ફરિયાદ નોંધવાના બદલે માત્ર અરજીનો નિકાલ કરવા બોલાચાલીનો ગુનો નોંધી જામીન લઈને મામલાને રફેદફે કર્યાનું બહાર આવ્યું છે. બાયડ પોલીસ સ્ટેશનની હદમાં આવી રીતે કેટલા ગુના રફેદફે થયા તેની તપાસ થાય તો કીમીયાગર કેટલાક જમાદારોની નવી હરકતો પ્રકાશમાં આવી શકે છે.

હિંમતનગર એસટી ડિવિઝનની ૫૧૫ બસોના પૈડા થંભી ગયા

રાજ્યભરમાં તાઉ-તે વાવાઝોડાને પગલે ભારે પવન ફૂંકાવાની સાથે સતત વરસાદ વરસી રહ્યો છે ત્યારે વાવાઝોડાના સંભવિત ખતરા સામે કોઈ જાનહાની ન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારાતમામ બસોના રૂટો બંધ કરી દેવા આદેશ કરવામાં આવ્યા છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના વડામથક હિંમતનગર એસટી ડિવિઝન દ્વારા જે તે બસોને જીતે જગ્યાએ રોકી તમામ યુનિટોને સ્થગિત કરવામાં આવ્યા છે સાબરકાંઠા હિંમતનગર એસટી ડિવિઝનમાં સમાવિષ્ટ અરવલ્લી સાબરકાંઠા સહિત મહેસાણા જિલ્લાના બસ ડેપો ના પૈડા હાલપૂરતા થંભાવી દેવામાં આવ્યા છે એસટી ડિવિઝન વિભાગ દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર હિંમતનગર ડિવિઝનની ૫૧૫ થી વધુ બસોના પૈડા થંભાવી દેવામાં આવ્યા છે જેમાં વાવાઝોડાને પગલે સંભવિત ખતરા સામે મુસાફરોની સુરક્ષાને ધ્યાને લઈને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું છે.

લાયન્સ કલબ-બાયડના નવા હોદ્દેદારોની નિયુક્તિ, છેવાડાના માનવીઓને મદદ માટેનો કોલ

લાયન્સ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-બી-૧ ની મોખરાની કલબ લાયન્સ કલબ-બાયડના વર્ષ-૨૦૨૧-૨૨ ના નવા

હોદ્દેદારોની નિયુક્તિ કરવામાં આવી છે. પ્રમુખ તરીકે એન.એલ. પરમાર (સિંચાઈ ઈજનેર), સેક્રેટરી દેવચંદ પરમાર (પેઈન્ટર), ટ્રેઝરર તપન પટેલ (મેનેજીંગ ડાયરેક્ટર : તક્ષશિલા વિદ્યાલય-બાયડ)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તત્કાલિન પ્રમુખ સમીરભાઈ મિરઝા અને તેમની ટીમે વર્ષ દરમ્યાન કરેલા લોકઉપયોગી કાર્યોને લાયન નેતાઓએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. પાછલા ૩ દાયકાથી સેવાની ધૂણી ધખાવનાર લાયન્સ કલબ-બાયડ દ્વારા અનેક લોકોને આંખોનું દાન કરી નવી દ્રષ્ટી આપી છે. હજારો મોતિયાના ઓપરેશન, બ્લડ ડોનેશન કેમ્પ, રસીકરણ કેમ્પ, સાધન સહાય સહિતની સેવાકીય પ્રવૃત્તિથી લાયન્સ કલબ-બાયડ સમગ્ર ડિસ્ટ્રીક્ટની મોખરાની કલબનું બિરૂદ મેળવ્યું હતું. છેવાડાના માનવીને મદદ કરવા માટે લાયન્સ પરિવાર તત્પર રહ્યો છે. કુદરતી કે માનવ સર્જીત આપત્તિ હોય ત્યારે લાયન્સ કલબ પરિવારે ખભેખભા મિલાવી કામ કર્યુંછે. અહીંયાં ખુરશી મેળવવા માટે કોઈ ખેંચતાણ જોવા મળતી નથી. ગત રોજ કોવિડ-૧૯ના કારણે વર્ચ્યુઅલ મિટીંગનું આયોજન કરવામાં આવ્યું જેમાં લાયન્સ કલબ-બાયડના હોદ્દેદારો-સભ્યોની સર્વાનુમતે વરણી કરાતાં પૂર્વ ધારાસભ્ય ડૉ.મહેન્દ્રભાઈ પટેલ, પૂર્વ રીજીયન ચેરમેન ડૉ.પ્રકાશભાઈ શાહ, પ્રવિણ પટેલ, શૈલેષભાઈ શાહ, અતુલભાઈ જોષી, ચાર્ટર પ્રમુખ ડૉ.ભૂપેન્દ્રભાઈ શાહ સહિત લાયન્સ કલબના તમામ સભ્યોએ હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.

ઉત્તર ગુજરાતમાં ચોથા દિવસે કોરોના સંક્રમણના ૧૧,૦૦૦થી ઓછા કેસ

૨૪ કલાકમાં માત્ર ૧ મોત : વાવાઝોડાના કહેરમાં કોરોના હોંશિયામાં ધકેલાયો

બાયડ, તા.૧૮

ઉત્તર ગુજરાતમાં કોરોનાના વળતા પાણીની સ્થિતિ છે. આરોગ્ય વિભાગ દ્વારા પાછલા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતના અરવલ્લીમાં માત્ર ૧ મોત જાહેર થયું છે. સતત ચોથા દિવસે કોરોનાના ૧૧,૦૦૦થી ઓછા સંક્રમિત કેસ નોંધાયા છે. જે પ્રજા અને ડૉક્ટરો માટે રાહતરૂપ સમાચાર છે. છેલ્લા ૪૮ કલાકથી તાઉતે વાવાઝોડાના કહેરમાં કોરોના હોંશિયામાં ધકેલાયો છે.

રાજ્યમાં કોરોનાના કેસમાં ઘટાડો થતો હતો ત્યારે ઉત્તર ગુજરાતમાં થઈ રહેલા કેસના ઉછાળાથી પ્રજામાં ચિંતા હતી પરંતુ હવે ઉત્તર ગુજરાતમાં પણ ધીરે ધીરે કોરોના સંક્રમણ ઉપર કાબુ મેળવાતો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. એક તબક્કે ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમિત કેસ દરરોજ ૧૨,૦૦૦ને પાર કરી ગયા હતા ત્યારબાદ ક્રમશઃ ઘટાડો થઈ ૧૧,૦૦૦ સુધી સિમિત રહ્યા હતા અને કેસમાં વધુ ઘટાડો થઈ રહ્યો છે.

પાછલા ૨૪ કલાકમાં સંક્રમિત કેસ

જિલ્લો	સંક્રમિત લોકો
મહેસાણા	૪૪૩૦
સાબરકાંઠા	૧૭૧૫
પાટણ	૧૫૪૫
અરવલ્લી	૧૪૩૦
બનાસકાંઠા	૧૧૬૯

મહેસાણા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ અગાઉ દૈનિક ૫૦૦૦ને પાર કરી ગયું હતું જે ૪૪૦૦ આસપાસ આવીને ઉભું છે.

એકંદરે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યા પછી પ્રજામાં મોટાભાગે હર્ડ ઈમ્યુનિટી સીસ્ટમ ડેવલોપ થતી હોય તેવું અનુમાન છે. ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સંક્રમિત કેસમાં ભયંકર ઉછાળો આવ્યો છે પરંતુ તેની સરખામણીએ શહેરી વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ સતત કાબુ હેઠળ આવી રહ્યું છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં આજ રીતે કોરોના સંક્રમણ ઘટશે તો મે. મહિનાના અંત સુધીમાં કોરોના સારવાર કરતી મોટાભાગની હોસ્પિટલો દર્દીઓ વગર ખાલીખમ થઈ શકે છે.